અપીલ અરજી નં.૧૬૦ તા.૧૩–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા
સામાવાળાઃ–(૧) ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
(ર) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ અનિલકુમાર કાનુગાની તા.૧૯–૬–૧૦ની અરજીથી (૧) રજાચીઠ્ઠી હુકમ નં.ટીડીઓ/૧૪૬ તા.૪–૫–૧૯૯૧ થી હુકમ થયેલ છે તેની નકલ આપવા વિનંતી. (ર)ઉપરોકત રજાચીઠ્ઠીના અનુસંધાને જે નકશાઓ, લેઆઉટ પ્લાન,પ્લાનો જે મંજુર થયા હોય તેની નકલ આપવા વિનંતી. (૩) ઉપરોકત રજાચીઠ્ઠી હુકમો મેળવવા માટે અરજદાર ધ્વારા થયેલ અરજી, અરજી સાથે સામેલ રાખેલ બિડાણ, પત્રો આપના ધ્વારા કોઈ ખુટતી માહિતી મંગાવેલ હોય તો તેના પત્રની નકલ, અરજદાર ધ્વારા રજુ થયેલ પુરાવાની નકલ, રોજકામ, પંચકયાસ, જવાબો વિગેર તમામ પત્રોની નકલ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૦/ર૦૧૦–૧૧

શ્રી મુકેશ અનિલકુમાર કાનુગાની તા.૧૯–૬–૧૦ ની અરજીથી (૧) રજાચીઠ્ઠી હુકમ નં.ટીડીઓ/૧૪૬ તા.૪–૫–૧૯૯૧ થી હુકમ થયેલ છે તેની નકલ આપવા વિનંતી. (ર)ઉપરોકત રજાચીઠ્ઠીના અનુસંધાને જે નકશાઓ, લેઆઉટ પ્લાન,પ્લાનો જે મંજુર થયા હોય તેની નકલ આપવા વિનંતી. (૩) ઉપરોકત રજાચીઠ્ઠી હુકમો મેળવવા માટે અરજદાર ધ્વારા થયેલ અરજી, અરજી સાથે સામેલ રાખેલ બિડાણ, પત્રો આપના ધ્વારા કોઈ ખુટતી માહિતી મંગાવેલ હોય તો તેના પત્રની નકલ, અરજદાર ધ્વારા રજુ થયેલ પુરાવાની નકલ, રોજકામ, પંચકયાસ, જવાબો વિગેરે તમામ પત્રોની નકલ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટી.ડી.ઓ/ ૧૫૩૮ તા.૧૬–૭–૧૦ થી આપેલ માહિતી માગેલ તે મુજબ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અરજદારની અરજી પરના પાના નં.૩ પર જણાવેલ વિગત અનુસાર રિવાઈઝ પ્લાનના કાગળો મુળ પ્લાનના અનુસંધાને રજૂ થયેલ હોઈ મુળ પ્લાનના કાગળો દફતરે હોવાનું અનુમાનિત છે. તે બાબતે દફતર હકીકત સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૧ તા.ર૬–૮–૧૦ થી ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પત્ર નં.ટીડીઓ/ ર૬૧૯ તા.૧૩–૯–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.ટીડીઓ/૧૫૩૮ તા.૧૬–૭–૧૦ ના પત્રની નકલ તેમજ નગર નિયોજકે કાર્યપાલક ઈજનેર પૂર્વઝોનને પાઠવેલ પત્ર નં.ટીડીઓ/ર૫૬૭ તા.૮–૯–૧૦ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. પરંતુ અરજદારના દાવા અંગે જાહેર માહિત અધિકારીનો કોઈ પક્ષ કે રજૂઆત સામેલ થઈ આવેલ નથી.

અરજદારની તા.૧૯–૬–૧૦ ની અરજીથી મુદૃ નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪ર૧ તા.ર૧–૬–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી (મ.શ.વિ.વિ.) ને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદૃા નં.(૧) રજાચીઠ્ઠી હુકમ નં.ટીડીઓ/૧૪૬ તા.૪–૫–૧૯૯૧ થી હુકમ થયેલ છે તેની નકલ આપવા વિનંતી. (ર)ઉપરોકત રજાચીઠ્ઠીના અનુસંધાને જે નકશાઓ, લેઆઉટ પ્લાન,પ્લાનો જે મંજુર થયા હોય તેની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં.૧૦ વાળી મિલ્કતમાં નં.ટીડીઓ/૧૪૬ તા.૪–૫–૧૯૯૧ થી આપવામાં આવેલ રજાચિઠ્ઠી તથા પ્લાનો અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં રેકર્ડ ઉપલબ્ધ ન હોય, માંગ્યા મુજબની માહિતી/નકલો આપી શકાય તેમ નથી પરંતુ સદર મિલ્કતમાં ટીપીઓ/૪૩૦ તા.ર૦–૧૦–૧૯૯ર થી મંજુર થયેલ પ્લાનોની નકલ મેળવવા નકલ ફી પેટે રૂા.૧૯૦૦/– તથા રજાચિઠ્ઠીની નકલના પાના નંગ–ર/– રૂા. ૪/– મળી કુલ રૂા.૧૯૦૪/– (અંકે રૂપિયા એક હજાર નવસો ચાર) અત્રેની શહેર વિકાસ કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે.તેવું જણાવેલ છે. (૩) ઉપરોકત રજાચીઠ્ઠી હુકમો મેળવવા માટે અરજદાર ધ્વારા થયેલ અરજી, અરજી સાથે સામેલ રાખેલ બિડાણ, પત્રો આપના ધ્વારા કોઈ ખુટતી માહિતી મંગાવેલ હોય તો તેના પત્રની નકલ, અરજદાર ધ્વારા રજુ થયેલ પુરાવાની નકલ, રોજકામ, પંચકયાસ, જવાબો વિગેરે તમામ પત્રોની નકલ ની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં.૧૦ વાળી મિલ્કતમાં નં.ટીડીઓ/૧૪૬ તા.૪–૫–૧૯૯૧ થી આપવામાં આવેલ રજાચિઠ્ઠી તથા પ્લાનો અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં રેકર્ડ ઉપલબ્ધ ન હોય, માંગ્યા મુજબની માહિતી/નકલો આપી શકાય તેમ નથી પરંતુ સદર મિલ્કતમાં ટીપીઓ/૪૩૦ તા.ર૦–૧૦–૧૯૯ર થી મંજુર થયેલ પ્લાનો અન્વયે અરજદાર ધ્વારા થયેલ અરજી, અરજી સાથે રાખેલ બિડાણ પત્રો, ખાતા ધ્વારા કોઈ ખૂટતી માહિતી મંગાવેલ હોય તો તેના પત્રની નકલ, અરજદાર ધ્વારા રજુ થયેલ પુરાવાની નકલ, રોજકામ, પંચ કયાસ , વિગેરેની નકલ નંગ–૧૧૬ ના પ્રતિ નકલના રૂા.ર/– લેખે કુલ રૂા.ર૩ર/– અત્રેની કચેરીએ ભરપાઈ કર્યેથી મળી

શકશે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજી સમયે તા.૧૯–૭–૧૦ ના રોજ જવાબ મળ્યો જેમાં જે માહિતી માંગેલ તે આપેલ નથી . માંગેલ માહિતી ન આપતા અગાઉ જે માહિતી અમોએ મેળવેલ છે તે જ માહિતી ફરીથી આપવા જણાવેલ છે અને તે અંગેની રકમ ભરવા જણાવેલ છે. સદર મુદ્દા નં.૧ અને ર માટે ૧૯૦૪/– તથા મુદ્દા નં.૩ માટે રૂા.ર૩ર /– ની રકમ પત્ર નં.ટીડીઓ/૪૩૦ તા.ર૦–૧૦–૧૯૯ર ની છે જે અગાઉ પત્ર નં.ટીડીઅ/૫૮૫૦ તા.૧૧–૩–૧૦ થી સદર રકમ રૂા.૧૯૦૪ રસીદ નં.૩૦૮૫૪૯ તા.૧૫–૩–૧૦ થી તથા રૂા.ર૩ર/– રસીદ નં.૩૮ર૧૪૭ તા.૯–૬–૧૦ થી ભરેલ છે. આમ નાણા ભરી ટીડીઓ/૪૩૦ તા.ર૦–૧ર–૯ર થી માહિતી મેળવેલ છે . જયારે ૧૯૯ર માં જે રીવાઈઝડ કરવામાં આવેલ છે તે વખતે જુની રજાચિઠ્ઠી, પ્લાન/પ્લાનો, નકશા/નકશાઓ, પત્રો, બિડાણો વિગેરે સહિત અરજી કરી હોય તો જ નવો રીવાઈઝડ હુકમો થઈ શકે તેવું અનુમાનિત હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર તરફથી તા.૧૯–૬–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માંગેલ માહિતી મળે તેવી રજુઆત કરેલ છે. હકીકત જોતાં અરજદારની તકરાર રીવાઈઝ પ્લાન પૂર્વના પ્લાન–નકશા નહીં મળવા અંગેની છે. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. સામાન્ય રીતે રીવાઈઝ પ્લાનના કિસ્સામાં મુળ કાગળ, દસ્તાવેજોના અનુસંધાને કાર્યવાહી થાય પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા તે દફતરે નહીં હોવાનું જણાવેલ છે.તેમનો નોંધ વિભાગ જોતાં તેઓ કક્ષાએ આ કાગળો ન હોઈ વરાછાઝોન કાર્યપાલક ઈજનરને તેમની કક્ષાએ તેવા દસ્તાવેજો,નકશા હોય તો મોકલી આપવા ૮–૯–૧૦ ના રોજ પત્ર પાઠવેલ છે. પરંતુ જયારે ૧૯૯ર માં પ્લાનની મંજુરી શહેર વિકાસ વિભાગ ધ્વારા અપાયેલ હોય અને તે દફતર તેઓ કક્ષાએ ઉપલબ્ધ હોવા છતાં જેના સંદર્ભે ૧૯૯ર ની કાર્યવાહી થયેલ છે તે દફતર વરાછાઝોન ખાતે હોવાનું કોઈ વાજબીપણું નોંધ વિભાગ કે પૂરક વિભાગમાં કે ઝોનના પત્રમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ નથી તે પણ સૂચક છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૯–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે અરજદારને બાબત હેઠળની મિલ્કતની ફાઈલો–દફતરની તપાસણી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે. અરજદાર તેને આધારે વિવાદ હેઠળના દસ્તાવેજો દફતરે હોવાની કે નહીં હોવાની ખાતરી કરી શકે છે.

સાથે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પણ નગર નિયોજક શહેર વિકાસના તા.૮–૯–૧૦ ના પત્રના અનુસંધાને દફતરી ચકાસણી કરી દફતર મળી આવ્યેથી અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માંગેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અત્રેના જાણ હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં પૂરી પાડવા અન્યથા દફતર ચકાસણી પશ્ચાત હકીકતલક્ષી વિગતોથી અરજદારને અવગત કરવા જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)..જાણ તથા અમલ માટે
(ર) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન...જાણ તથા અમલ માટે.
(૩) શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા,